# BSA-4

કુલ ગુણ : 100 | સમય : 3 કલાક

સૂચના:

1. પ્રશ્ન ક્રમાંક 1થી 10ના દરેકના 10 ગુણ છે.
2. પ્રશ્ન ક્રમાંક 1થી10ના જવાબ આશરે 200 શબ્દોમાં લખવાના છે.
3. 1થી 10 બધા જ પ્રશ્નોના જવાબ લખવાના છે.

1. આરોગ્ય, શિક્ષણ અને માનવ-સંસાધન જેવાં સામાજિક ક્ષેત્રે કરેલ રોકાણ દેશના વિકાસની લાંબા ગાળાની વ્યૂહરચના કહી શકાય? શા માટે? ભૌતિક સંસાધનો પાછળના રોકાણને તે કેવી રીતે સાર્થક કરી શકે તે સમજાવો. આ દિશામાં પાંચ નક્કર પગલાં સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

2. આદર્શ જનસેવકના નિર્માણમાં શિક્ષણ અને કૌટુમ્બિક-સામાજિક મૂલ્ય ઘડતર ભાગ ભજવે છે, તેમ માનો છો? કઇ રીતે? આ દૃષ્ટિએ શું શું કરવું જોઇએ અને શું શું ન કરવું જોઇએ, તે વિષે પાંચ પાંચ ઉપાયો સૂચવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

3. દેશની સામાજિક અને સાંસ્કૃતિક વિવિધતાને વિકાસ સામેના પડકાર તરીકે જુઓ છો કે એક અવસર તરીકે? તમારા અવલોકનને સમર્થન આપતા મુદ્દાઓ સ્પષ્ટ કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

4. વીસમી સદીના પ્રારંભથી આધુનિક સમય સુધીમાં સામાજિક નેતૃત્વ, વેપાર-ઉદ્યોગ, શિક્ષણ-સંશોધન, કળા-સંસ્કૃતિ અને સુરક્ષા-સંરક્ષણ પાંચેય ક્ષેત્રે મહત્વનું યોગદાન બે-બે વિશિષ્ટ નારી-રત્નોનાં ઉદાહરણો સાથે સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 10

Scanned with OKEN Scanner

5\. નીચેના ફકરામાં દર્શાવેલ કેસ સ્ટડીનો અભ્યાસ કરી, તેમાં સમાવિષ્ટ નૈતિક મુદ્દાઓની છણાવટ કરો અને છેલ્લે આપેલા સવાલોના ઉત્તરો આપો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS 10

શ્રીમાન 'ક' એક આશાવંત, ઉત્સાહી અને નિષ્ઠાવાન યુવા છે. જાહેરસેવામાં પસંદ થયા પછી તાલીમ બાદ કોઇ વિભાગની કચેરીમાં નિમણૂક પામ્યા છે. તેમના સ્વભાવ મુજબ સમયસર આવે-જાય છે અને પોતાનું નિયત કાર્ય નિષ્ઠાપૂર્વક કરતા રહે છે. જો કે તેમણે અનુભવ્યું કે કચેરીમાં સમય અને કામની બાબતમાં અમુક સહકર્મચારીઓમાં અશિસ્ત પ્રવર્તે છે. આવા અનિયમિત સાથીઓ વાતવાતમાં તેમની નિષ્ઠા અને પ્રામાણિકતાની મજાક ઉડાવતા રહે છે. કોઇવાર તો તેમના પર જવાબદારી ઢોળી દેવાનો પ્રયાસ પણ થાય છે. તેમની કચેરીના વડા સ્વભાવના સારા છે પરંતુ પેલા માથાભારે શિસ્તહીન કર્મચારીઓ સામે પગલાં લેતાં અચકાય છે. આ જોઇને નિયમબદ્ધ રીતે વર્તતા સાથીઓ નિરાશ થયેલા છે. વડીકચેરીએથી આવેલ ઇન્સ્પેક્શન દરમ્યાન પેલા માથાભારે સહકર્મચારીઓ સાંઠગાંઠ કરીને નનામી અરજી ઊભી કરીને શ્રીમાન 'ક'ની બ્રાંચમાં કોઇ અનિયમિતતા હોવાની કાન-ભંભેરણી કરે છે. શ્રીમાન 'ક'નો ખુલાસો પૂછવામાં આવે છે. નોકરીના પ્રારંભિક તબક્કે આવું થવાને લીધે તે ચિંતિત છે. તેમને તણાવમાં જોઇને પેલા માથાભારે તત્વો પૈકી એક-બે વ્યક્તિ લાગણી બતાવીને પોતાની તરફ ખેંચવા પ્રયાસ કરે છે. જ્યારે કચેરીના વડા મૂક પ્રેક્ષક બની રહે છે. તેમના નિષ્ઠાવાન સાથીઓ શ્રીમાન 'ક' તરફ સહાનુભૂતિ રાખે છે પણ પેલા માથાભારે તત્વોથી ડરીને ખૂલીને બહાર આવતા નથી. શ્રીમાન 'ક' માનસિક દ્વંદ્વ અનુભવે છે. પોતે લીધેલા માર્ગ પર ચાલતા રહેવું કે પછી પેલા વગદાર લોકોની છત્રછાયામાં આશરો લેવો?

જો તમે શ્રીમાન 'ક'ની જગ્યાએ હો તો શું કરશો? તમારા નિર્ણયને લીધે કેવી પરિસ્થિતિઓ ઊભી થઇ શકે? તેનું નિરાકરણ કઇ રીતે કરશો?

6\. નીચેના ફકરામાં દર્શાવેલ કેસ સ્ટડીનો અભ્યાસ કરી, તેમાં સમાવિષ્ટ નૈતિક મુદ્દાઓની છણાવટ કરો અને છેલ્લે આપેલા સવાલોના ઉત્તરો આપો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

કુ. 'ખ' એક અત્યંત પ્રામાણિક, ખૂબ મહેનતુ અને સેવાભાવી વિજ્ઞાન સ્નાતક છે. સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીને એક કચેરીમાં નવાસવા જોડાયાં છે. પોતાનું કામ ખંત અને જવાબદારીપૂર્વક કરે છે. તેમની નિષ્ઠાથી તેમની કચેરીના વડા પ્રસન્ન છે અને તેમની જાહેરમાં પ્રશંસા કરવા સાથે તેણીને વધુ પડકારજનક જવાબદારી સોંપતા રહે છે. સ્વાભાવિક રીતે કુ. 'ખ' આ વિશેષ જવાબદારીઓને પૂરી નિષ્ઠાથી નિભાવે છે. બીજી બાજુ, તેણીના સાથી શ્રીમતી 'ગ' ઘણાં જૂના કર્મચારી છે, જે દેખીતી રીતે ઘણાં ધાર્મિક છે. શ્રીમતી 'ગ' કચેરી સમય દરમિયાન પોતાના મોબાઇલમાં ધાર્મિક પ્રવચનો સાંભળ્યાં કરે છે અને બીજા સાથીઓને સોશ્યલ મીડિયાના સુવાક્યોનો પ્રસાદ પણ ધરતાં રહે છે. એક વાર શ્રીમતી 'ગ' કોઇ અત્યંત અગત્યની કામગીરીમાં મોટી ચૂક કરે છે અને તેણીને ઠપકો મળે છે. તેણી નિરાશ થઇને

Scanned with OKEN Scanner

કુ. 'ખ'ની પાસે આવે છે. કુ. 'ખ' તેને પ્રેમથી આવકારીને સુંદર સલાહ આપે છે અને શ્રીમતી 'ગ' આ સલાહને અનુસરે છે. થોડા સમયમાં શ્રીમતી 'ગ' સફળતા અને યશ બેઉના હકદાર બને છે.

કુ. 'ખ' એ શ્રીમતી 'ગ'ને શી સલાહ આપી હશે? બન્ને મહિલા સહકર્મીઓના સ્વભાવ અને કાર્યશૈલીની સમીક્ષા કરો.

7. બાંગલાદેશમાં થયેલા સત્તા પરિવર્તન અને પ્રવર્તમાન અરાજકતાથી ભારતને ચિંતા થવી જોઇએ? શા માટે?

8. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા અપનાવવામાં આવેલ વિવિધ નીતિઓના સંદર્ભમાં ભારતે પોતાની નીતિઓમાં શાં પરિવર્તનો આણ્યાં છે અને શી રણનીતિ અપનાવી છે? તેની ચર્ચા કરો.

9. પ્રજાસત્તાક ભારતના બંધારણમાં કરવામાં આવેલ પાંચ સુધારાઓ, તેનું મહત્વ અને તેની અસરોની ચર્ચા કરો.

61, 73, 101, 103, 106

10. રાજ્યપાલના પદનો ઐતિહાસિક વિકાસક્રમ ઉદાહરણ સાથે સમજાવો. પ્રજાસત્તાક ભારતમાં આ પદ સાથે સંકળાયેલ વિવિધ મુદ્દાઓની ઉદાહરણ સાથે ચર્ચા કરો.